તાપમાન	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૧.૦° સે.	૨૪.૦° સે.
આહવા	૩૨.૦° સે.	૨૧.૦° સે.
વલસાડ	૩૨.૦° સે.	૨૫.૦° સે.
વાપી	૩૨.૦° સે.	૨૫.૦° સે.

અકસ્માતમાં સંડોવાયેલો યુવાન વોર્ડ-૯ના ભાજપના નગરસેવકનો ભત્રીજો

ખુશી પળવારમાં માતમમાં ફેરવાઇ

પૌત્રના જન્મની ખુશી વચ્ચે કાળ બની ધસી આવી ‘ઓડી’ કાર

એરુ ચાર રસ્તા પર દુકાન બંધ કરી ઘરે જતા આધેડને પૂરઝડપે આવેલી કારે ફંગોળતા મોત

અકસ્માત બાદ ફરાર થયેલા ચાલકને પોલીસે ઝડપી લીધો

નવસારીઃ નવસારીના એરુ ચાર રસ્તા પાસે રાત્રિના સમયે બનેલા ગમખ્વાર અકસ્માતે એક પરિવારની ખુશીને પળવારમાં માતમમાં ફેરવી નાખી હતી. દુકાન બંધ કરીને ઘરે પરત જઈ રહેલા 50 વર્ષીય અરુણ ઉપાધ્યાય રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવેલી ઓડી કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં તેઓ ગંભીર રીતે ઘવાઈ રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક તેમને સારવાર માટે ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું.

અકસ્માત બાદ વિસ્તારમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળ્યો હતો. બીજી તરફ અકસ્માત બાદ કારચાલક સ્થળ પરથી ભાગી ગયો હતા. પોલીસે તપાસના આધારે કાર ચાલક શિવાંશ ભરત પટેલને ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં ઉપયોગમાં લેવાયેલી ઓડી કાર પણ કબજે કરવામાં આવી છે. વાહનની સ્પીડ અંગે આરટીઓની મદદ લેવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

અરુણ ઉપાધ્યાય એરુ ચાર રસ્તા વિસ્તારમાં જ્યુસની લારી-દુકાન ચલાવતા હતા. પરિવારના જણાવ્યા મુજબ પુત્રના ઘરે પૌત્રના જન્મથી ઘરમાં ખુશીનો માહોલ હતો. પરંતુ રાત્રે દુકાન બંધ કરી ઘરે જતી વખતે બનેલી આ દુર્ઘટનાએ પરિવારની ખુશીને શોકમાં ફેરવી નાખી હતી.

અકસ્માતમાં સંડોવાયેલો શિવાંશ પટેલ વોર્ડ-૯ના ભાજપના નગરસેવક ધર્મેશ પટેલનો ભત્રીજો હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક સ્તરે કાર પૂરઝડપે ચલાવવામાં આવી હોવાના તેમજ ચાલક નશાની હાલતમાં હોવાના આક્ષેપો થયા છે. જોકે, આ બાબતોની સત્તાવાર પુષ્ટિ તપાસ અને તબીબી રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

ઓડીની સ્પીડ કેટલી? આરટીઓની મદદ લેવાશે

અકસ્માત પાછળ કારની ઝડપ મહત્વનું કારણ હતી કે કેમ તે જાણવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. વાહનની ઝડપ સહિતની ટેક્નિકલ વિગતો મેળવવા આરટીઓની મદદ લેવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. સીસીટીવી અને અન્ય પુરાવાઓ પણ તપાસવામાં આવી રહ્યા છે.

શિવાંગના કાકા ધર્મેશ પટેલ સી.આર. પાટીલ સામે કોંગ્રેસ તરફે લોકસભા ચૂંટણી લડી ચૂક્યો છે

અકસ્માતમાં સંડોવાયેલો શિવાંશ ભરત પટેલ વોર્ડ-૯ના ભાજપના નગરસેવક ધર્મેશ પટેલનો ભત્રીજો હોવાનું સામે આવ્યું છે. ધર્મેશ પટેલ અગાઉ લોકસભા ચૂંટણીમાં સી.આર. પાટીલ સામે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી ચૂક્યા છે. આ વિગતો સામે આવતા ઘટનાએ સ્થાનિક રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે.

૧૦૮ મોડેથી પહોંચ્યાના આક્ષેપોથી લોકોમાં રોષ

અકસ્માત બાદ સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હોવા છતાં તે સમયસર ન પહોંચ્યાના આક્ષેપો થયા હતા. ગંભીર રીતે ઘવાયેલા અરુણભાઈને સ્થાનિકોએ ખાનગી વાહનમાં હોસ્પિટલ ખસેડ્યા હતા. 108ની કામગીરી અંગે પણ સ્થાનિકોમાં સવાલો ઉઠ્યા હતા.

પોલીસ સામે સવાલ ઉઠાવનાર યુવકની અટકાયત

અકસ્માત બાદ પોલીસ ઘટનાસ્થળે મોડેથી પહોંચી હોવાના આક્ષેપોને લઈને લોકોમાં રોષ જોવા મળ્યો હતો. પોલીસની કામગીરી અંગે સવાલ ઉઠાવનાર એક સ્થાનિક યુવકને પોલીસે અટકાયતમાં લીધો હોવાનું જાણવા મળે છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વાપીમાં દુકાનો ખરીદવી સુરતના ભાગીદારોને ભારે પડી ગઇ

વાપીના કોઠારી પરિવારના 7 સભ્યો સહિત 8 લોકોએ રૂપિયા 3.31 કરોડ પડાવી લેતા ફરિયાદ

આ લોકો સામે ગુનો નોંધાયો

(૧) અનોપચંદ લાલચંદ કોઠારી, (૨) નીતિનકુમાર અનોપચંદ કોઠારી, (૩) હર્ષાબેન ભરતભાઈ કોઠારી, (૪) ભરત અનોપચંદ કોઠારી, (૫) દક્ષાબેન નીતિનભાઈ કોઠારી, (૬) રીનાબેન હર્ષદભાઈ કોઠારી, (૭) હર્ષદ અનોપચંદ કોઠારી (તમામ રહે. છરવાડા રોડ, વાપી) અને (૮) મનોજ સાજણાભાઈ દાંભલા (રહે. બલીઠા, વાપી)

વાપીઃ વાપીમાં કોમર્શિયલ બિલ્ડીંગની દુકાનો વેચાણ આપવાનું જણાવીને વાપીના કોઠારી પરિવારના સાત સભ્યોએ સુરતના રિયલ એસ્ટેટના વેપારી અને તેમના ભાગીદારો પાસેથી કુલ રૂપિયા ૩.૩૧ કરોડ પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વેપારીને આ મિલકત અગાઉ પણ અન્ય વ્યક્તિને વેચાણ કરી દીધાની જાણ થતાં તેમણે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે કુલ 8 ઈસમો સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે.

સુરતના વરાછા હીરાબાગ મેઈન રોડ પર રહેતા પ્રવીણ પરષોત્તમ દુધાત (ઉં.૫૬) રિયલ એસ્ટેટનો વેપાર કરે છે. વર્ષ ૨૦૦૪-૦૫ દરમિયાન તેમની ઓળખાણ વાપીના છરવાડા રોડ પર રહેતા ભરતભાઈ અનોપચંદ કોઠારી સાથે થઈ હતી. વર્ષ ૨૦૧૧માં ભરત કોઠારી અને તેમના સંયુક્ત કુટુંબના સભ્યોએ વાપી જીઆઈડીસી સ્થિત ‘ભૈરૂનાથ કોમર્શિયલ બિલ્ડીંગ’ની ભોંયતળિયાની અને પહેલા માળની દુકાનો વેચાણ માટે રાખી હોવાનું જણાવ્યું હતું.

તમામ દુકાનો સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ વેચાણ કરાર અને પાવર ઓફ એટર્ની દ્વારા આપવાનું કહી, પ્રવીણભાઈ અને તેમના ભાગીદારો પાસેથી વર્ષ ૨૦૧૧માં ટુકડે-ટુકડે રૂા. ૧,૩૫,૦૦,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. ત્યારબાદ, દુકાનમાલિકોએ ફર્નિચરનો ધંધો ચાલુ હોવાનું જણાવી ભાડે રાખવાની વાત કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં પણ વધુ રૂા. ૧,૯૬,૦૦,૦૦૦ ચૂકવી દસ્તાવેજો કબજે લીધા હતા. આમ, પ્રવીણભાઈ અને તેમના ભાગીદારોએ કુલ રૂા. ૩.૩૧ કરોડ ચૂકવ્યા હતા.

વર્ષ ૨૦૧૮માં વેપારીને જાણ થઈ હતી કે આ જ દુકાનો અગાઉ મનોજ સાજણભાઈ દાંભલા તથા અન્ય વ્યક્તિઓને પણ વેચાણ કરી દેવામાં આવી છે. આ અંગે પૂછપરછ કરતાં મનોજ દાંભલાએ વ્યાજની રકમ સામે મિલકત લીધી હોવાનું જણાવ્યું હતું. બાદમાં સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં રૂ. ૧.૬૦ કરોડ આપવાનું નક્કી થયું હતું, જેમાંથી માત્ર રૂ. ૬૦ લાખ ચૂકવાયા હતા અને બાકીના રૂ. ૧ કરોડ આજદિન સુધી આપવામાં આવ્યા ન હતા.

‘ઈ-ચલણ’ની આડમાં મોબાઈલ હેકિંગનો ખેલ !

જલાલપોર પોલીસે પુણે સુધી પીછો કરી બે સાયબર ઠગોને ઝડપ્યા

નવસારી : RTO ઈ-ચલણના નામે મોબાઈલમાં શંકાસ્પદ ફાઈલ મોકલી બેંક ખાતામાંથી નાણાં સેરવી લેતી સાયબર ગેંગ સામે જલાલપોર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ટેક્નિકલ તપાસના આધારે પોલીસે મહારાષ્ટ્રના પુણે સુધી તપાસ લંબાવી બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડી આંતરરાજ્ય સાયબર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

જલાલપોર પોલીસ મથકે નોંધાયેલા ગુનાની તપાસમાં સામે આવ્યું હતું કે, ફરિયાદી દીપકકુમાર ડુમાસિયાના મોબાઈલ પર RTO ઈ-ચલણના નામે એક શંકાસ્પદ ફાઈલ મોકલવામાં આવી હતી. ચલણ હોવાનું માનીને તે ફાઈલ ઓપન કરતા જ મોબાઈલ હેક થઈ ગયો હતો. ઠગોએ બેંકિંગ વ્યવસ્થાનો ગેરકાયદેસર એક્સેસ મેળવી ખાતામાંથી રકમ અન્યત્ર ટ્રાન્સફર કરી લીધી હતી.

આરોપીઓ વાહનચાલકોને ‘RTO E-Challan’ નામે APK ફાઈલ મોકલતા અને લોકો તેને સાચું સમજી ડાઉનલોડ કરતા જ ફોનનો કબ્જો મેળવી સંવેદનશીલ માહિતી ચોરી લેતા હતા.

ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એલ.જી. રાઠોડની ટીમ દ્વારા ટેક્નિકલ સર્વેલન્સના આધારે પુણેના બારામતી વિસ્તારમાંથી (૧) નિખિલ સુનીલભાઈ અંબોડે અને (૨) સૈરાજ અશોક લોંઢે નામના બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ આ ગેંગના અન્ય સાગરીતો અને તેમના દ્વારા શિકાર બનેલા અન્ય લોકો વિશે સઘન તપાસ ચલાવી રહી છે.

પોલીસે નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે કે અજાણ્યા નંબર પરથી આવતી શંકાસ્પદ APK ફાઈલ કે લિંક ક્યારેય ઓપન ન કરવી અને ઈ-ચલણની ચકાસણી માત્ર સરકારી અધિકૃત વેબસાઈટ કે એપ પર જ કરવી.

ધર્મેશ પટેલ

તલાવચોરા રોડ પર લારી-ગલ્લાવાળા ગોઠવાઈ ગયા

ટ્રાફિક સમસ્યા કાયમી ધોરણે ઉકેલવા કલેક્ટરને રજૂઆત

ઘેજ : ચીખલીમાં તલાવચોરા રોડ પર ફરી ફળ, શાકભાજીના લારી ગલ્લાવાળાઓ ગોઠવાઇ જતા તલાવચોરાના સરપંચ સહિતના લોકોએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી દબાણ દૂર કરવાની માંગ કરવામાં આવી છે.

ચીખલીમાં થોડા દિવસ પહેલા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના લોકાર્પણ પૂર્વે હાઈવે ચાર રસ્તા, ડેપો સર્કલથી બગલાદેવ સર્કલ અને તલાવચોરા રોડ પરથી લારી ગલ્લાવાળાઓને હટાવી દેવાયા હતા જેના એકાદ સપ્તાહ બાદ તલાવચોરા રોડ પર માર્ગ મકાનની કચેરી આગળ, કુમાર કન્યા શાળા નજીક ફરી લારી ગલ્લાવાળાઓ ગોઠવાય જતા ફરી વાહન વ્યવહારમાં અડચણ સાથે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા પામી છે.

ઉપરોક્ત સ્થિતિમાં તલાવચોરા ગામના સરપંચ, તાલુકા પંચાયત સભ્ય, ડેપ્યુટી સરપંચ સહિત આગેવાનો અને ગ્રામજનોએ જિલ્લા કલેક્ટર, પ્રાંત, મામલતદાર સહિતને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે ચીખલી, સમરોલીમાં તલાવચોરા રોડ પર કુમાર અને કન્યા શાળા પાસે મોટી સંખ્યામાં ફળ અને શાકભાજી સહિતની લારી ગલ્લાવાળાઓનુ દબાણ છે. અહીં આ બે શાળા ઉપરાંત નજીકમાં ખાનગી પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલ પણ છે અને આગળ એપીએમસી પણ છે. વધુમાં આ ચીખલી તલાવચોરા અટગામ માર્ગે નવસારી અને વલસાડ બે જિલ્લાને જોડતો મુખ્ય જિલ્લા માર્ગે પણ હોય આ માર્ગે ઉપર ડેપો સર્કલથી એપીએમસી સુધીના અંતરમાં શાળાઓ અને શોપિંગ કોમ્પલેક્સ અને દુકાનો પણ હોય મોટાપાયે ટ્રાફિકનુ ભારણ રહેતું હોય છે.

ઘોલાઈ બંદરે સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો હટાવાયા

કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ૧૮ નાની-મોટી દુકાનો અને શેડ કરાયા ધરાશાયી, ૨૦૦૦ ચોરસ મીટર જમીન કરાઈ ખુલ્લી

કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીકના ઘોલાઈ બંદરે સરકારી જમીન ઉપરના ગેરકાયદે દબાણો સામે સોમવારે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૨ હજાર ચોરસ મીટર જેટલી સરકારી જમીન પરથી ૧૮ નાની-મોટી દુકાનો, પતરાના શેડ, ગેરેજ, કેબિન સહિતના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

ઘોલાઈ બંદરે સરકારી હેડે ચાલતી જમીનમાં દુકાનો, બાંધકામો અને શેડ સહિતના અનધિકૃત દબાણો અંગે તંત્રને ફરિયાદો મળતાં દબાણ દૂર કરવાની કામગીરી શરૂઆત કરવામાં આવી હતી. જોકે, દબાણ કરનારાઓ દ્વારા પોતાનો સામાન અન્યત્ર ખસેડવા માટે સમયની માંગ કરવામાં આવતાં તંત્ર દ્વારા મુદત આપવામાં આવી હતી.

મુદત પૂર્ણ થયા બાદ તા.૨૮ સપ્ટેમ્બરના રોજ નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ ચીખલીના પ્રાંત અધિકારી નિશાંત કુગસીયા, ગણદેવીના મામલતદાર દિપીકા રોઝ, બીલીમોરાના સર્કલ ઓફિસર વનરાજસિંહ સોલંકી, ગણદેવીના સર્કલ ઓફિસર જીગરભાઈ જોષી, બીગરીના મહેસૂલી તલાટી અરવિંદભાઈ રબારી, ધોલાઈના તલાટી-કમ-મંત્રી પ્રદીપ પટેલ સહિત અધિકારીઓ-કર્મચારીઓ, વીજ વિભાગના કર્મચારીઓની હાજરીમાં કાર્યવાહી કરવામાં આવી હતી. કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલીસ દ્વારા પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદે દબાણ ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી મિલકતનું રક્ષણ તેમજ દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં પણ આવી દબાણવિરોધી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને નિયમોનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

‘ગણદેવીમાં રખડતાં ઢોર દૂર કરો’

આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે આપ સંગઠન દ્વારા કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી

બીલીમોરાઃ ગણદેવી તાલુકામાં રખડતાં ઢોરનો વધતો ત્રાસ ગંભીર સમસ્યા બની રહ્યો છે. આખલાઓના કારણે વાહનચાલકો તથા રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાના નિરાકરણ માટે આપના ગણદેવી તાલુકા સંગઠન દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી તાકીદે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

તાલુકાના માર્ગો પર રખડતાં ઢોર રસ્તાની વચ્ચે ઊભાં કે બેઠાં રહેવાથી વાહનચાલકોને બ્રેક મારવી પડે છે, જેનાથી અકસ્માતની સંભાવના વધી જાય છે. રાત્રિના સમયે રસ્તા પર બેઠેલાં ઢોર નજરે ન પડતાં દ્વિચક્રી વાહનચાલકો માટે જોખમ સર્જાય છે. આ ઉપરાંત, આખલાઓ વચ્ચેની લડાઈથી પણ ભયનો માહોલ રહે છે.

આ સમસ્યાને ધ્યાનમાં લઈ આમ આદમી પાર્ટીના આગેવાનોએ જણાવ્યું હતું કે કોઈ ગંભીર અકસ્માત કે જાનહાનિ થાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. જો વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં પક્ષ દ્વારા ધરણાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

આ પ્રસંગે ગણદેવી તાલુકા પ્રમુખ રૂપેશ પટેલ, જલાલપોર વિધાનસભા પ્રમુખ બી.બી.પટેલ, સંગઠન મંત્રી વત્સલ પટેલ, નિખિલ તલાવિયા, ગિરીશ રાઠોડ, પ્રકાશ પટેલ, અંકુર પટેલ સહિત પક્ષના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દમણમાં પૂરઝડપે જઈ રહેલી કારે અન્ય કારને અડફેટે લીધી

દમણ : સંઘપ્રદેશ દમણમાં આજરોજ ભેંસલોર ચાર રસ્તા પાસે 2 કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાવા પામ્યો હતો. સફેદ કલરની આઈ-20 કાર નંબર GJ-22-H-4861 વડચોકીથી પાતલિયા તરફ પૂરપાટ ઝડપે જઈ રહી હતી. જ્યારે સફેદ કલરની બ્રેઝા કાર નંબર GJ-15-CL-5604 વડચોકીથી દમણ તરફ જઈ રહી હતી ત્યારે ચાર રસ્તા ક્રોસિંગ પાસે બ્રેઝા કાર રસ્તો ક્રોસ કરે એ પહેલા જ સામેથી આઈ-20 કારના ચાલકે જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાવા પામ્યો હતો. સદનસીબે બંને કારની એરબેગ ખુલી જતાં મોટી જાનહાની ટળી જવા પામી હતી. જો કે, કારમાં સવાર એક મહિલાને મોઢાના ભાગે ઈજા પહોંચતા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી.

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक !
punjab national bank ...the name you can BANK upon !

બીઓ : પાલ રોડ શાખા (૫૯૮૫૦૦) : દુકાન નં.૧૮ અને ૧૯ સિધ્ધ ચક રેસીડેન્સી, ગેલેક્ષી સર્કલ નજીક, પાલ-૩૯૪૫૧૦ email: bo5985@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી રાજેશ શંકરલાલ વૈદય (દેવાદાર)** અને **શ્રીમતી ગીતા રાજેશ વૈદય (સહ દેવાદાર) સરનામું : એ-૯૦૩ શીલાલેખ ગ્રીન આર્કેડ સામે, એલ.પી.સવણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯, ગુજરાત અને શ્રી વિપુલભાઈ પી. સાવલીયા (જામીનદાર) : સરનામું : બી-૩૫, યોગીરામ રો હાઉસ, પુણા સીમાડા રોડ, પુણા ગામ, સુરત-૩૯૫૦૧૦ અને ૨૦૮, વનમાલી રો હાઉસ, સીમાડા રોડ, યોગી ચોક, વરાછા બેંક નજીક, સુરત-૩૯૫૦૧૦.** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ અને ખાતા નંબર	સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તા.૨૧.૦૯.૨૦૨૬ મુળ + વ્યાજ + અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી રાજેશ શંકરલાલ વૈદય (દેવાદાર) , અને શ્રીમતી ગીતા રાજેશ વૈદય (સહ દેવાદાર) શ્રી વિપુલભાઈ પી. સાવલીયા (જામીનદાર) ખાતા નં.534000NC00000823 & 5340009900000509	તમામ હક, હિત અને સબંધ ધરાવતી મિલકત કે જે ‘શીલાલેખ’ ના નામે ઓળખાતી હાઉસીંગ કોમ્પલેક્ષ ના બ્લોક નં. ‘એ’ ના ૯મા માળનો ફ્લેટ નં.એ-૯૦૩, બિલ્ટઅપ એરિયા માપ ૧૧૪૭.૦૦ ચો.ફુટ એટલે ૧૦૬.૫૬ ચો.મી બરાબર, વણવહેચાયેલ હિસ્સા સહિત આ બિલ્ડીંગના તમામ પ્રકારની સહાયક ની વસ્તુઓ સાથે જમીન ફાઈનલ પ્લોટ નં.૯૨, ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), રેવન્યુ સર્વે નં.૬૯૪/૧ મોજે ગામ.અડાજણ, સીટી-સુરત, જુનો તાલુકો. સીટી-ચોર્યાસી અને નવો તાલુકા.અડાજણ, જી.સુરત ખાતે (૧) રાજેશ શંકરલાલ વૈદય અને (૨) ગીતા રાજેશ વૈદય ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : પુર્વ તરફ : ખુલ્લી જગ્યા, પશ્ચિમ તરફ : જોડેનો કોમન પેસેજ/લીફટ, ઉત્તર તરફ : ખુલ્લી જગ્યા/રોડ, દક્ષિણ તરફ: જોડેનો ફલેટ નં.એ-૯૦૪.	૦૭.૦૯.૨૦૨૬	૨૪.૦૮.૨૦૨૬	રૂા. ૨૪,૬૪,૩૪૨.૮૧/-

ઉપરોકત દેવાદાર(રો) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૭.૦૯.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

હનીપાર્ક રોડ શાખા, સુરત : ૩, શિવાલિક વેસ્ટર્ન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧-૨૭૪૬૭૬૭
email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૧.૦૫.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી સુધાબેન ભાવીક નાવડિયા (દેવાદાર), અને શ્રી વિરેનભાઈ કિરીટભાઈ વાનાણી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩૧,૨૩,૮૮૬ (રૂપિયા એકત્રીસ લાખ ત્રેવીસ હજાર આઠસો છયાશી પૈસા પુરા)** વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ચુકવણીની તારીખ સુધીના સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૩૧,૨૩,૮૮૬** વત્તા અન્ય ચાર્જીસ ચુકવણીની તારીખ સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ મીલેન્યિમ રેસીડેન્સી’ નો પ્રાઈવેટ સાઈડ નો પ્લોટ નં. ૩૧૩ (કેજેપી પછી બ્લોક નં.૧૩૯/૩૧૩/૧૦૨, પાસ થયેલ પ્લાન મુજબ બ્લોક નં.૨૬૪/પ્લોટ નં.૧૦૨), માપ ૮૦.૦૪ ચો.વાર. એટલે ૬૬.૯૨ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સાથે જમીનનું માપ ૩૮.૫૬ ચો.મી, કુલ માપ ૧૦૫.૪૮ ચો.મી, જમીન બ્લોક નં. ૨૬૦, ૨૬૧, ૨૬૪ અને ૨૭૦ (રી-સર્વે નવો બ્લોક નં.૧૩૯), માપ ૭૫૦૩૬ ચો.મી, ગામ.વેલંજા, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ (હવે અબ્રામા), જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૩૩૬, **પશ્ચિમ તરફ** : જોડેનો સોસાયટી રોડ , **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૩૧૨, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૩૧૪ આવેલ છે.

તા. ૨૪.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સગરામપુરા શાખા : પુતલી નજીક, નવસારી બઝાર, સગરામપુરા, સુરત- ૩૯૫૦૦૨
E-Mail Id : sagram@bankofbaroda.co.in

કબજા નોટીસ [ધારા ૧૩(૪) (સ્થાયી મિલકત માટે)
(સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) રૂલ ૩ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ **તા.૦૫.૦૮.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / ગીરવેદાર **શ્રી મનિષ મોહનભાઈ બાબરીયા (દેવાદાર), શ્રીમતી હંસાબેન મોહનભાઈ બાબરીયા (સહ દેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૫,૫૭,૮૯૮.૪૫/- (રૂા. પંદર લાખ સત્તાવન હજાર આઠસો અઠ્ઠાણું અને પીસ્તાલીસ પૈસા પુરા) વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **સીકયુરીટી (એન્સર્ફોસમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર તારીખ ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર/ ગીરવેદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૫,૫૭,૮૯૮.૪૫** + વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે “વાઈબ્રન્ટ ઈકો પાર્ક” નો ૨ બીએચકે રો હાઉસ નં. ૪૮૬ માપ ૭૬.૯૭ ચો.મીટર મંજુર પ્લાન(રો હાઉસ નં. ૧૭૭ સાઈટ મુજબ માપ ૯૨.૦૫ ચો.વાર એટલે ૭૬.૯૯ ચો.મીટર) બાંધકામ મુજબ માપ ૭૫૫.૦૦ ચો.ફુટ એટલે ૭૦.૧૪ ચો.મી અને કારપેટ એરીયા મુજબ માપ ૬૫૮.૩૪ ચો.ફુટ એટલે ૬૧.૧૬ ચો.મીટર ના વણવહેચાયેલ મિલકત ના હિસ્સા સહિત રોડ, માપ ૨૫.૪૮ ચો.મી સીઓપી માપ ૧૫.૨૩ ચો.મી કુલ માપ ૧૧૭.૭૧ ચો.મી જે જમીન મ્લટીપર્પસ માટે બિનખેતી જમીનનો સબ પ્લોટ નં. ૨ ફેઝ-૨, બ્લોક નં.૧૩૩ અને ૧૩૫ એકત્રીકરણ પછી, બ્લોક નં. ૧૩૩, ગામ. અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ઘર નં. ૧૭૮ અને સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : ઘર નં. ૧૫૬, **ઉત્તર તરફ** : ઘર નં. ૧૭૬, **દક્ષિણ તરફ** : જોડેની સોસાયટીની દિવાલ

તા. ૨૭.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સગરામપુરા શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

કતારગામ શાખા : દુકાન નં ૩, ગ્રાઉન્ડ ફ્લોર, અવધ-૨ બિલ્ડીંગ, મારુતિ સુઝુકી શોરૂમ ની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪
ફોન : ૦૨૬૧- ૨૪૮૮૯૦૦/૨૪૮૦૦૧૧
Email : katarg@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૫.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી મનીષભાઈ મનસુખભાઈ કાનાની (દેવાદાર), શ્રીમતી પુષ્પાબેન મનીષભાઈ કાનાની (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૧,૯૧,૪૬૬/- (અંકે રૂપિયા એકવીસ લાખ એકાણુ હજાર ચારસો છાસઠ પુરા)** વત્તા અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૫મી સપ્ટેમ્બર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૧,૯૧,૪૬૬/-** વત્તા અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ‘પ્લેટીનીયમ વિલા’ નો મંજુર થયેલ પ્લાન નો પ્લોટ નં.૪૬ માપ ૨૨૭.૭૦ ચો.મીટર વણવહેચાયેલજમીન ના હિસ્સા સહીત રોડ અને સી.ઓ.પી જમીન બ્લોક નં.૧૩૫, ૧૩૬, ૧૪૨, ૧૪૩, ૧૪૫, ૧૪૬, ૧૪૭ અને ૨૫૮ (એકત્રીકરણ બાદ બ્લોક નં.૧૩૫) ગામ કછાબ, તા.ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.બી-૪૪, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.એ-૪૭, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.એ-૪૫ આવેલ છે.

તા. ૨૫.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કતારગામ શાખા.

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

ટેક્ષટાઈલ માર્કેટ શાખા : બીજો માળ,બેંક બ્લોક, સુરત ટેક્ષટાઈલ માર્કેટ બિલ્ડીંગ, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨
ફોન. : ૦૨૬૧-૨૩૨૧૮૦૩, ૨૩૫૭૨૧૯
Email : textilemarket.surat@bankofindia.bank.in

કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ [એકટ ૨૦૦૨ અને આ ધારાની કલમ ૧૩(૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી સુનિલકુમાર વિનોદભાઈ સુરતી અને શ્રીમતી પિનલ સુનિલકુમાર સુરતી** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૨,૧૮,૩૫૪.૧૮ (અંકે રૂા. બે લાખ અઢાર હજાર ત્રણસો ચોપ્પન અને અઢાર પૈસા પુરા) + ૧૨.૧૧.૨૦૨૫** ના રોજ લાગુ કરેલ વ્યાજ દર + અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર(રો)/જામીનદાર(રો) આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર(રો)/જામીનદાર (રો) અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ **મિલકત નો સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર(રો)/જામીનદાર (રો) અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા**, સુરત ના **રૂા.૨,૧૮,૩૫૪.૧૮ (અંકે રૂા. બે લાખ અઢાર હજાર ત્રણસો ચોપ્પન અને અઢાર પૈસા પુરા)** + તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે,જે એનપીએ તારીખ ૨૯.૦૬.૨૦૨૫ પછી લાગુ પડેલ કુલ વસુલાત ને બાદ કરતા વધુ હશે.

દેવાદારો / જામીનદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર(રો) અને જામીનદાર(રો) એ અધિકૃત અધિકારી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અહિ દર્શાવેલ મિલકત નો વાસ્તવિક અને ખાલી કબજો સોપવાનો રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન ના સુમન સિધ્ધી બિલ્ડીંગ નં. એફ ના બીજા માળ નો ફ્લેટ નં. એફ-૨૦૧, એલઆઈજી-૨૯, ડુંભાલ, સુરત-૩૯૫૦૧૦. ટી.પી નં. -૩૩ (ડુંભાલ) એફ.પી. નં. ૬૩, (આર-૭) બિલ્ટઅપ એરીયા ૪૧.૩૦૧ ચો.મી. પૈકી નેશનલ ડિવીઝન નં.-૧, ડુંભાલ,સુરત-૩૯૫૦૧૦ રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર, નવાગામ (સુરત-૩) જી.સુરત **શ્રીમતી પિનલ સુનિલકુમાર સુરતી અને શ્રી સુનિલકુમાર વિનોદભાઈ સુરતી ની માલીકી ની આવેલ છે.**

જેની ચતુર્દિશા	સાઈટ મુજબ	વેચાણ ડીડ મુજબ
ઉત્તર તરફ :	સીઓપી અને બિલ્ડીંગ નં. બી	આંતરીક રોડ
દક્ષિણ તરફ :	ફ્લેટ નં ૨૦૨	ફ્લેટ નં. એફ-૨૦૨
પૂર્વ તરફ :	સીઓપી અને બિલ્ડીંગ નં. ઈ	આંતરીક રોડ
પશ્ચિમ તરફ :	પ્રવેશ, જગ્યા અને ફ્લેટ નં .૨૦૪	જગ્યા અને ફ્લેટ નં. પી-૨૦૪

તા. ૨૭.૦૯.૨૦૨૬
સ્થળ : સુરત

ચીફ મેનેજર અને અધિકારી અધિકારી,
બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા